ક્રમાંક:રાપબો/TET-I/૨૦૨૩/ 4276-4310

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા.
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧, ગાંધીનગર
તા:૦૪/ ૦૪/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ

વિષય: **"શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I)-૨૦૨૨"ની પરીક્ષામાં લહિયાની મંજૂરી આપવા બાબત.**

સંદર્ભ: **અત્રેની કચેરીના તા:૧૭/૧૦/૨૦૨૨ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TET-I/૨૦૨૨/૯૫૩૭-૯૬૨૨.**

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે સંદર્ભ દર્શિત જાહેરનામાંથી રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રાથમિક શાળા(ધોરણ ૧ થી ૫)માં પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયક તરીકે નિમણૂંક મેળવવા માટેની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે તા:૧૬/૦૪/૨૦૨૩ (રવિવાર) ના રોજ બપોરે ૩.00 કલાકથી સાંજે ૦૪.૩૦ કલાક દરમિયાન "શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I)-૨૦૨૨"નું અમદાવાદ શહેર,અમદાવાદ ગ્રામ્ય, વડોદરા, સુરત અને રાજકોટ ખાતે આયોજન કરવામાં આવેલ છે.

સદર પરીક્ષામાં અંધ/લખી ન શકે તેવા દિવ્યાંગ ઉમેદવારોએ લહિયાની સુવિધા મેળવવામાં સરળતા રહે તે હેતુથી ઉમેદવારના હાલના રહેઠાણના જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં લહિયા (writer) માટે પરીક્ષાનાં બે દિવસ પહેલા લેખિતમાં અરજી કરીને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી પાસેથી નિયમાનુસાર લહિયા (writer)ની મંજુરી મેળવવા સૂચના આપવામાં આવેલ છે.

ઉક્ત બાબતે ધ્યાને લઈ અંધ/લખી ન શકે તેવા દિવ્યાંગ ઉમેદવારોને નીચેની સૂચના પ્રમાણે લહિયા (writer) માટે મંજુરી આપવા વિનંતી છે.

- અંધ/જે લખી ન શકે તેવા દિવ્યાંગ પરીક્ષાર્થીની લહીયા અંગેની અરજી આવ્યેથી સરકારશ્રીના નિયમાનુંસાર વિકલાંગતાના પ્રમાણપત્રની નકલ મેળવી લહિયો આપવાનો રહેશે.
- લહિયાએ ધોરણ:૦૯ પાસથી વધુ શિક્ષણ મેળવેલ ન હોવું જોઇએ.
- લહિયાનું ફોટો ઓળખપત્ર કે જેમાં તેનો ફોટો, નામ, સરનામું, શાળાનું નામ, હાલના અભ્યાસનું ધોરણ, જી.આર. નંબર, જન્મ તારીખ વગેરે બાબતો સાથે શાળાના આચાર્યના સહી-સિક્કા સાથે મેળવીને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીની ફાઇલે રાખવાનું રહેશે.
- લહિયાનો પરીક્ષાર્થી સાથે કોઇ સબંધ ન હોય તેની ચકાસણી કરવાની રહેશે.
- લહિયાને રૂ! ૧૦૦/- ની ચૂકવણી લહિયો માંગનાર પરીક્ષાર્થી દ્વારા કરવાની રહેશે.
- લહિયાને પરીક્ષા સ્થળે લાવવા-લઈ જવાની વ્યવસ્થા ઉમેદવારે કરવાની રહેશે.

- આપના જિલ્લામાંથી જે ઉમેદવારોને લહિયો ફાળવવામાં આવેલ હોય તેની જાણ ઉમેદવાર અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, વડોદરા, સુરત અને રાજકોટ પૈકી જે જિલ્લામાં પરીક્ષા સ્થળે ઉપસ્થિત થવાનો હોય તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને કરવાની રહેશે.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ અંધ/લખી ન શકે તેવા પરીક્ષાર્થી માટે અલગ બ્લોકની વ્યવસ્થા ગ્રાઉન્ડ ફ્લોર પર કરવાની રહેશે અને તે બ્લોક માટે અલગ ખંડ-નિરીક્ષકની નિયુક્તી કરવાની રહેશે. આવા અલગ બ્લોકમાં પણ સીસીટીવી કેમેરાની સુવિધા હોવી જોઇએ અને આવા બ્લોક અંગેની માહિતી ઓબ્ઝર્વરશ્રી, સ્કોર્ડ કન્વીનરશ્રી તથા સરકારી પ્રતિનિધિને પરીક્ષા શરૂ થયા પહેલા કરવાની રહેશે.
- અંધ દિવ્યાંગતા ધરાવતા પરીક્ષાર્થીના કિસ્સામાં પરીક્ષાનો સમય વીસ મિનિટ વધારે આપવો અને આ અંગે અંધ દિવ્યાંગતા ધરાવતા પરીક્ષાર્થીને પરીક્ષા શરૂ થાય તે પહેલા વાકેફ કરવા.
- લહીયાની મંજૂરીનો પત્ર નીચેના નમૂનામાં આપવાનો રહેશે.

બિડાણ: લહિયાની મંજૂરી આપવાના સબંધિત પત્રકો.

સચિવ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

❖ <u>નકલ રવાના</u>

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, વડોદરા, સુરત અને રાજકોટ

"શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I)-૨૦૨૨"ની પરીક્ષામાં લહિયા/રાઈટર આપવા અંગેનું

ચેક લીસ્ટ

| ક્રમ | વિગત | પાના નં/રીમાર્ક્સ |
|---|---|---|
| ૧ | વિદ્યાર્થી વાલીશ્રીની લહિયા માટેની અરજી (લહિયા માંગવાના કારણ સાથે) | |
| ૨ | સિવિલ સર્જનનું પ્રમાણપત્ર | |
| ૩ | લહિયાના વાલીશ્રીનું સંમતિ પત્ર | |
| ૪ | લહિયાનું બોનાફાઈડ સર્ટી ફોટા સાથે | |
| ૫ | લહિયાના છેલ્લાં પરીણામની પ્રમાણીત નકલ | |
| ૬ | ઉમેદવાર પરીક્ષાર્થીના ત્રણ ફોટા | |
| ૭ | લહિયાના તાજેતરના ત્રણ ફોટા | |
| ૮ | વિદ્યાર્થીની પ્રવેશ પત્રની પ્રમાણીત કરેલ નકલ | |
| ૯ | TET-I પરીક્ષામાં ઉપસ્થિત થતા દિવ્યાંગ ઉમેદવાર માટેની માહિતીનું પત્રક | |
| ૧૦ | પરીક્ષાર્થી અને લહિયાનું નિયત નમુનાનું બાહેંધરી પત્રક ફોટા પર આચાર્યશ્રીના સહી/સિક્કા સાથે (ત્રણ નકલમાં) | |
| ૧૧ | (જરૂર હોય તો જ) આકસ્મિક સંજોગોમાં લખવાને અસમર્થ બનેલ ઉમેદવારે લહિયો મેળવવા માટે કેન્દ્ર સંચાલકશ્રી સમક્ષ રજુ કરવાનું ડેક્લેરેશન | |

# ઉમેદવારે લહિયાની મંજુરી માંગવાનું પત્રક

ઉમેદવારનું નામ સરનામું

....................................

....................................

....................................

....................................

રોલ નંબર:....................

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી/ઝોનલ કચેરી

...............................................................

વિષય:- TET-I પરીક્ષા માટે લહિયાની વ્યવસ્થા કરી આપવા બાબત.

સવિનય જણાવવાનું કે, હું રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આયોજિત "શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I)-૨૦૨૨"ની પરીક્ષામાં બેસનાર છું. પરંતુ હું (અશક્તતાનો પ્રકાર) .............................. હોવાથી મારું પેપર જાતે લખી શકું તેમ નથી. તેથી મારી લહિયાની વ્યવસ્થા કરી આપવા સારું આપશ્રીને નમ્ર વિનંતી.

આપનો વિશ્વાસુ,

નકલ રવાના: જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, .......................... (જે જિલ્લામાં ઉમેદવાર પરીક્ષા આપનાર છે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી)

નોંધ: ઉમેદવારના હાલના રહેઠાણના જિલ્લાનાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી / જે જિલ્લામાં પરીક્ષા આપવાની હોય તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કે ઝોનલ અધિકારીશ્રીને આ અરજી કરવાની.

# <u>લહિયાનું સંમતિ પત્રક</u>

જય ભારત સાથે જણાવવાનું કે હું.............................................................. હાલમાં ધોરણ: ............... માં અભ્યાસ કરું છું. "શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I)-૨૦૨૨"ની પરીક્ષામાં દિવ્યાંગ ઉમેદવારનો લહિયો બનવામાં મને કોઈ વાંધો નથી અને પરીક્ષા દરમિયાન હું તેના માટે લહિયાની સેવા આપવા સંમતિ આપું છું.

આપનો વિશ્વાસુ

લહિયાની સહી.

લહિયાના વાલીની સહી....................

<u>નકલ રવાના:</u> જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ......................................................... (જે જિલ્લામાં ઉમેદવાર પરીક્ષા આપનાર છે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી)

# રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર

## "શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I)-૨૦૨૨"ની પરીક્ષામાં ઉપસ્થિત થતા વિકલાંગ ઉમેદવારો માટે માહિતી પત્રક

૧. ઉમેદવારનું નામ અને સરનામું. : ..........................................................................

: ..........................................................................

૨. રહેઠાણનો જિલ્લો : ..........................................................................

૩. બેઠક નંબર અને : ..........................................................................

૪. બેઠક વ્યવસ્થા હોય તે

બિલ્ડીંગનું નામ : ..........................................................................

૫. મંજુરી માંગેલ કચેરી વિગત: હું જે જિલ્લામાં નિવાસ કરું છું તે જિલ્લાનાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી / જે જિલ્લામાં પરીક્ષા આપવાની હોય તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કે ઝોનલ અધિકારીશ્રી (લાગુ પડતા ઉપર ટીક માર્ક કરવું)

૬. વિકલાંગતાનો પ્રકાર :..........................................................................

| પ્રકાર | માત્રા |
|---|---|
| a. અંધ | .......................................... |
| b બહેરા મૂંગા | .......................................... |
| c. હાથથી અપંગ અને અકસ્માતથી હાથમાં ઈજાગ્રસ્ત તેમજ શારીરિક અપંગતા | .......................................... |
| d માયોપ્સી સ્નાયુઓ જકડાઈ જવા અને વજનમાં અસમાન વધારો | .......................................... |
| e મંદબુધ્ધિ | .......................................... |

ઉમેદવારની સહી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/ઝોનલશ્રીનાં સહી સિક્કા

નકલ રવાના: જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ............................................ (જે જિલ્લામાં ઉમેદવાર પરીક્ષા આપનાર છે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી)

# આકસ્મિક સંજોગોમાં લખવાને અસમર્થ બનેલ ઉમેદવારે લહિયો મેળવવા માટે કેન્દ્ર સંચાલકશ્રી સમક્ષ રજુ કરવાનું ડેક્લેરેશન

આથી, હું નીચે સહી કરનાર ................................................................. "શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I)-૨૦૨૨"ની પરીક્ષામાં ................................ કેન્દ્ર ખાતે .......................... બેઠક નંબરથી પરીક્ષા આપનાર ઉમેદવાર નીચે જણાવેલા આકસ્મિક કારણસર લખવાને અસમર્થ બનેલ છું. અને આવી સમર્થતાનાં સમર્થનમાં પરીક્ષા સિવિલ સર્જન/આર.એમ.ઓ/આસિ. સર્જનથી ઉતરતા હોદ્દાનો ન હોય તેવા તબીબી અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરી શકેલ નથી.

હું આજ રોજ "શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I)-૨૦૨૨"ની પરીક્ષા માટે લહિયાની સેવા મેળવવા ઈચ્છું છું.

હું એ બાબતનો એકરાર કરું છું કે, આવા કિસ્સામાં પરીક્ષામાં લહિયાની સેવા મેળવવા અંગેની પ્રક્રિયાથી વાકેફ છું./ મને વાકેફ કરવામાં આવેલ છે અને એ બાબતથી હું સંપૂર્ણ જ્ઞાત છું કે લહિયાની સેવા લઈ પરીક્ષા આપ્યા બાદનાં ૨૪ (ચોવીસ) કલાક દરમ્યાન લખવાની અસમર્થતાનાં સમર્થનમાં સક્ષમ તબીબી અધિકારીનું પ્રમાણપત્ર મારે સંબંધિત પરીક્ષાનાં ઝોનલ અધિકારીશ્રી સમક્ષ રજુ કરવાનું છે. અને તેમ કરવામાં ચૂક થયેથી મારી લહિયાની સેવા લઈ આપેલી આ વિષયનું પરીક્ષાનું પરીણામ રદ્દ થશે અને નિયમાનુસાર આગળીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

હું કેન્દ્ર સંચાલકશ્રી તરફી આ અંગેની સુચના અનુસાર જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરી મેળવી જે લહિયાની સેવા પૂરી પાડવામાં આવે તેની સેવા લેવા સમંત છું અને આવા લહિયાને રૂ. ૧૦૦/- શુલ્ક ચૂકવવા બંધાયેલ છું.

આ એકરાર (Declaration) હું મારી સંપૂર્ણ શુદ્ધ બુધ્ધિથી સમજીને કરું છું અને ખોટું ડેક્લેરેશન કરવું તે ગુનો બને છે તે જાણું છં.

સ્થળ: ..................................

તારીખ: ............................... ઉમેદવારની સહી

સમય: ................................

કેન્દ્ર સંચાકશ્રીનું નામ ........................................... કેન્દ્ર સંચાલકશ્રીની સહી..............................

ઝોનલશ્રીનું નામ ............................................ જિલ્લો.................................. ઝોનલશ્રીનો મોબાઈલ નંબર.....................................

ઝોનલશ્રીના સહી/સિક્કા

આ પત્રક ત્રણ (૩) નકલમાં ભરવું

"શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I) -૨૦૨૨"ની પરીક્ષામાં પરીક્ષાર્થી તથા લહીયાનું બાહેધરી પત્રક

પરીક્ષાર્થીનો ફોટો | માહિતી પત્રક | લહીયાનો ફોટો

**પરીક્ષાર્થીની વિગત**

| | | |
|---|---|---|
| ૧ | પરીક્ષાર્થીનુ પૂરું નામ તથા સરનામું | |
| ૨ | હાલના રહેઠાણનું નામ તથા સરનામું | |
| ૩ | જન્મ તારીખ | |
| ૪ | બેઠકનંબર | |
| ૫ | સિવિલ સર્જનશ્રીની ડોકટરી પ્રમાણપત્રની વિગત | |
| ૬ | લહિયો મેળવવાનું કારણ | |
| ૭ | જે જીલ્લા નાં જીલ્લા શિક્ષણાધિકારીશ્રી/ઝોનલ અધિકારીશ્રી પાસેથી મંજુરી માગેલ હોય તેની વિગત | |

આથી હું શ્રી ........................................ બાહેંધરી આપું છું. "શિક્ષક યોગ્યતા કસોટી-I (TET-I)-૨૦૨૨"ની પરીક્ષામા લહિયો રાખવાની મંજુરી મળવા અંગેના ઉક્ત ક્રમ ૧ થી ૭ જણાવેલ તમામ વિગતો સાચી દર્શાવેલ છે. તો મને લહિયા રાખવા મંજુરી આપવા વિનંતિ. તારીખ :

શિક્ષણાધિકારીશ્રી/ઝોનલ અધિકારીશ્રીની સહી તથા સિક્કો

બીડાણ:

| | |
|---|---|
| ૧ | પરીક્ષા પ્રવેશપત્ર ની પ્રમાણિત નકલ |
| ૨ | સિવિલ સર્જનનાં ડોકટરી પ્રમાણપત્રની પ્રમાણિત નકલ |
| ૩ | લહિયા તરીકે રાખેલ વિદ્યાર્થીનુ બોનોફાઈડ સર્ટિ તથા તેની છેલ્લી માર્કશીટની પ્રમાણિત નકલ |
| ૪ | લહીયાના વાલીનું સંમતીપત્રક |

**લહિયાની વિગત**

| | | |
|---|---|---|
| ૧ | લહિયાનુ પૂરું નામ તથા સરનામું | |
| ૨ | શાળાનું નામ તથા સરનામું | |
| ૩ | જી.આર. નંબર | |
| ૪ | જન્મ તારીખ | |
| ૫ | હાલ કયા ધોરણમાં અભ્યાસ કરે છે. | |
| ૬ | ધોરણ : .............ની પરીક્ષામાં મેળવેલ કુલ ગુણ તથા ટકા | |
| ૭ | ઉમેદવારે બતાવેલ લહિયો માંગવાનું કારણ | |
| ૮ | વાલીનો મોબાઈલ નંબર | |

આથી હું ................................................................ બાહેંધરી આપું છું કે સબંધિત ઉમેદવાર સાથે મારો કોઈ સંબંધ નથી. ઉપરોક્ત દર્શાવેલ મારી તમામ વિગતો સાચી છે. લહિયા તરીકે મારૂં નામ ગ્રાહ્ય રાખવા સંમતી આપું છું. મને કોઈ વાંધો નથી.

તારીખ :

સહી :

જીલ્લા શિક્ષણાધિકારીશ્રી/ઝોનલ અધિકારીશ્રીની ની સહી તથા સિક્કો

નકલ રવાના : જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ..................................................(જે જીલ્લામાં ઉમેદવાર પરીક્ષા આપનાર છે તે જીલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી)